drppl Dharavi Redevelopment Project

# DHARAVI COMPILED MEDIA REPORT

**11 Mar, 2025**

## Total Mention 4

| Print | Financial | Mainline | Regional | Periodical |
|---|---|---|---|---|
| 1 | N/A | N/A | 1 | N/A |

| Tv | Business | English | Hindi | Regional |
|---|---|---|---|---|
| N/A | N/A | N/A | N/A | N/A |

| Online |
|---|
| 3 |

## Print

| No | Newspaper | Headline | Edition | Pg |
|---|---|---|---|---|
| 1. | Janmabhumi | Aiming to make 'BEST' a pleasant journey for tourists: Srinivas | Mumbai | 8 |

Janmabhumi • 11 Mar • Dharavi

## Aiming to make 'BEST' a pleasant journey for tourists: Srinivas

| 8 • PG | 151 • Sqcm | 60530 • AVE | 34.89K • Cir | Middle Center |
|---|---|---|---|---|

Mumbai

# પ્રવાસીઓ માટે 'બેસ્ટ'નો પ્રવાસ સુખમય બનાવવાનો લક્ષ્યાંક : શ્રીનિવાસ

મુંબઈ, તા. ૧૦ : ધારાવી પુનર્વિકાસ પ્રકલ્પના સીઈઓ એસવીઆર શ્રીનિવાસને 'બેસ્ટ'ના જનરલ મૅનેજરનો વધારાનો કાર્યભાર સોંપાયો છે. તાજેતરમાં આપેલી મુલાકાતમાં તેમણે ભાડેથી લેવામાં આવેલી બસોની વ્યવહારુતા, આર્થિક સુધાર નીતિ, મેટ્રો કનેક્ટિવિટી અને બેસ્ટના ભવિષ્ય અંગે પોતાના દૃષ્ટિકોણ અંગે ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે અમારું લક્ષ્ય બસસેવાને વધુ પ્રવાસી-અનુકૂળ બનાવવાનું અને પ્રવાસીઓને બેસ્ટ તરફ આકર્ષિત કરવાનું છે. ઑટોમેટિક ટિકિટ સિસ્ટમ, કર્મચારીઓનો મહત્તમ ઉપયોગ અને બેસ્ટની ટિકિટોને મુંબઈના વ્યાપક પરિવહન નેટવર્ક સાથે એકીકૃત કરવા અંગે વિચાર કરવામાં આવી રહ્યો છે. બેસ્ટના રૂટને ગૂગલ મૅપમાં સામેલ કરવા અંગે વાતચીત ચાલી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું.

શ્રીનિવાસે જણાવ્યું કે બેસ્ટના પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. બેસ્ટની આવક વધારવા ફક્ત ભાડાં પર નિર્ભર રહેવું ઉચિત નથી. આથી જાહેરાતો અને બસડેપોનું ડેવલપમેન્ટ જેવા આવક વધારી શકે તેવા પર્યાયો શોધવામાં આવી રહ્યા છે. બેસ્ટને આર્થિક રીતે સ્થિર કરવામાં મદદ કરવા એક મોટું બજેટ ફાળવવા માટે પાલિકા સાથે ચર્ચા ચાલી રહી છે.

તેમણે કહ્યું કે જાહેર પરિવહનના દર માફકસરના હોવા જોઈએ. ભાડું વધારવા પહેલાં વિવિધ પર્યાયો અને સંસાધનો પર વિચાર અને સરકાર તથા હિતધારકો સાથે ચર્ચા કરવામાં આવશે. ભાડાં પર લેવામાં આવતી બસનો મૂડીગત ખર્ચ, જાળવણી અને માનવબળનો ખર્ચ કોન્ટ્રાક્ટર ભોગવે છે તેથી એ વ્યવહારુ બની રહે છે. પરંતુ આ બસો અને તેના સંચાલન પર નજર રાખવી જરૂરી છે.

બેસ્ટમાં કર્મચારીઓની અછતને કારણે આ મૉડેલ લાભદાયક છે. ઉપરાંત આ બસો પર્યાવરણ અનુકૂળ અને વાતાનુકૂલિત છે. તેમણે કહ્યું કે અમારું લક્ષ્ય મુંબઈગરાને તેમના ઘરથી મેટ્રો સ્ટેશન અને પછી તેમના કાર્યસ્થળ સુધી નિર્બંધ પ્રવાસ પૂરો પાડવા સક્ષમ બનાવવાનું છે. બેસ્ટ આ કનેક્ટિવિટીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, એવું તેમણે ઉમેર્યું હતું.

## Online Coverage

| No | Portal Name | Headline (Incorporated with URL) | Reach |
|---|---|---|---|
| 1. | The Economic Times | Real estate set to gain as Maharashtra Budget focuses on infra, housing | 28.7M |
| 2. | Business Standard | Adani Grp stocks rally: Power, Ports, Enterprises jump up to 6% on March 10 | 8.1M |
| 3. | Realty Plus | Maharashtra State Budget 2025 Will Enhance Property Values | N/A |